PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં: પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/કવા–૦૪/૧૫–૧૬/ 3529 તા. 27/07/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

બળવંતરાય વાડીલાલ ગાંધી,
રેસકોર્સ પાર્ક, બ્લોક નં. ૫૭,
ફ્લેટ નં. ૨, એરપોર્ટ રોડ
રાજકોટ–૧
મો : ૯૮૭૯૪ ૧૪૨૭૬

**વિષય :–રુબરુ વીજબીલ આપવા બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૩–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર : ૬૬/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 01)

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પ્રદ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

**કેસ નં. : સીજીઆરએફ : ૬૬/ક્વા–૦૪/૧૫–૧૬** | **કમિટિ મીટીંગ તા.૧૯–૦૪–૧૬** | **સ્થળ :રાજકોટ**

**પક્ષકાર નં.: –(૧) વાદી :**

**અરજદાર (ફરીયાદી) : નામઃ બળવંતરાય વાડીલાલ ગાંધી, ગામઃ રાજકોટ**

**રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :**

**પીજીવીસીએલ (કચેરી) : પ્રધ્યુમન નગર પેટા વીભાગીય કચેરી,રાજકોટ(કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ રાજકોટ)**

**રજુઆત કરનાર : ડી.એમ.ભાલાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ રાજકોટ**

## : હુકમ :

## ફરીયાદ : રૂબરૂ વીજબીલ આપવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના રેસકોર્ષ પાર્ક ખાતે આવેલ, બ્લોક નં.–૫૭ માહે ના ફ્લેટ નં.–૨ મા આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૪૦૪/૦૩૬૧૯/૯ ના નિયમીત વીજબીલો, તેઓ શ્રી ને, રૂબરૂ – હાથોહાથ મળતા ન હોય, આવા કારણોસર, તેઓને વીજબીલ ચુકવણાની વિલંબીતતા નો પ્રશ્ન કાયમી રહેલ છે. જેથી, તેઓને સદર વીજબીલો રૂબરૂ મળે તે માટે,અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના રેસકોર્ષ પાર્ક ખાતે આવેલ, બ્લોક નં.–૫૭ માહે ના ફ્લેટ નં.–૨ મા આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૪૦૪/૦૩૬૧૯/૯ ના નિયમીત વીજબીલો, તેઓ શ્રી ને, રૂબરૂ - હાથોહાથ મળતા ન હોય, આવા કારણોસર, તેઓને વીજબીલ ચુકવણાની વિલંબીતતા નો પ્રશ્ન, અરજદાર શ્રી નો, પીજીવીસીએલ સમક્ષ કાયમી રહેલ હોવા બાબત ની અરજદાર શ્રી ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી પુરતુ લક્ષ આપીને અરજદાર શ્રી ને, તેમના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૪૦૪/૦૩૬૧૯/૯ ના નિયમીત વીજબીલો, ભવિષ્ય મા, ખરેખર રૂબરૂ – હાથોહાથ મળશે તે મુજબ ની સુચનાઓ, સબંધક કચેરી ના બીલીંગ વિભાગ ના વડા મારફત, બીલીંગ એજન્સી ને અપાય ચુકેલ હોવાની અરજદાર શ્રી ને તા.૧૧–૦૩–૧૬ ના રોજ ની કચેરી ની રૂબરૂ મુલાકાત સમયે, ખાત્રી આપવામા આવેલ હતી.આમ, હવે, અરજદાર શ્રી ને સદર પ્રકાર નો ભવિષ્ય મા કોઈ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની ખાસ દરકાર પણ પીજીવીસીએલ ની સબંધક કચેરી ના બીલીંગ વિભાગના વડા તરફથી લેવાયેલ છે. અરજદાર શ્રી ને, તેઓ શ્રી ની તા.૧૧–૦૩–૧૬ ના રોજ ની કચેરી ની હાજરી સમયે, આ બાબત ની પીજીવીસીએલ ની ખાત્રી થી સંતોષ રહેલ છે, જે બદલ હવે તેઓ શ્રી ને સદર વિષય સબંધક પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મુજબ નો તા.૧૧–૦૩–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર અરજદાર શ્રી એ પીજીવીસીએલ મારફત ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની, તેમના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૪૦૪/૦૩૬૧૯/૯ મા, નિયમીત વીજબીલો જે રૂબરૂ હાથોહાથ અપાયેલ ન હોવા બાબતે ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી હેઠળ, અરજદાર પક્ષકાર ને હવે પછી તમામ નિયમીત વીજબીલો – ભવિષ્ય મા, ખરેખર રૂબરૂ – હાથોહાથ મળશે તે મુજબ ની સુચનાઓ, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના બીલીંગ વિભાગ ના વડા મારફત, બીલીંગ એજન્સી ને, અરજદાર શ્રી ને તા.૧૧–૦૩–૧૬ ના રોજ ની કચેરી ની રૂબરૂ મુલાકાત સમયે અપાયેલ હોવાની, સંતોષજનક ખાત્રી, જે અરજદાર પક્ષકાર ને થતા, તે બદલ હવે તેઓ શ્રી ને સદર વિષય સબંધક પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોય, તે મતલબ નો તા.૧૧–૦૩–૧૬ ના રોજ નો લેખીત સંમતીપત્ર અરજદાર શ્રી એ પીજીવીસીએલ મારફત ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ : હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૧–૦૩–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર આમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયમક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમા વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..